આકાશવાણી-ભુજ

સમાચાર વાચક:- નેહલ ઠક્કર

કોમ્પ્યુટર રાઈઝ- દેવાભાઈ કે રબારી

તારખ: ૧૨-૦૫-૨૦૨૪ સમય:-સવારે ૬.૫૦ કલાકે

---

## ચોથા તબક્કા માટે પ્રચાર

લોકસભા ચૂંટણીના ચોથા તબક્કાની સાથેસાથે આંધ્રપ્રદેશ અને ઓડિશાની વિધાનસભાની ચૂંટણીના પ્રથમ તબક્કા માટે ગઈકાલે સાંજે પ્રચારના પડઘમ શાંત થઈ ગયા છે.

લોકસભા ચૂંટણીના ચોથા તબક્કામાં આવતીકાલે નવ રાજ્ય અને એક કેન્દ્રશાસિત પ્રદેશમાં સમાવિષ્ટ 96 લોકસભા બેઠક પર મતદાન થશે. જ્યારે ઉત્તરપ્રદેશની 13 બેઠકો, મહારાષ્ટ્રની 11 બેઠકો, મધ્યપ્રદેશ અને પશ્ચિમ બંગાળની 8-8 બેઠકો, બિહારમાં 5 બેઠકો, ઝારખંડ અને ઓડિશાની ચાર-ચાર બેઠકો અને જમ્મુ-કાશ્મીરની એક બેઠક પર મતદાન થશે. 25 સંસદીય બેઠકો સાથે આંધ્રપ્રદેશ અને 17 બેઠકો સાથે તેલંગાણામાં આ તબક્કામાં એક જ તબક્કામાં મતદાન પૂર્ણ થશે.

**(RNU અમદાવાદ)**

---

## ત્રીજા તબક્કામાં મતદારોનું મતદાન

લોકસભાની સામાન્ય ચૂંટણીના ત્રીજા તબક્કા માટે કુલ 65.68 ટકા મતદાન નોંધાયું છે. આમાંથી 66.89 ટકા પુરૂષ મતદારો 64.41 ટકા મહિલા મતદારો અને 25.2 ટકા અન્ય મતદારોએ મતદાન કર્યું છે.

ચૂંટણી પંચના જણાવ્યા અનુસાર, આસામમાં સૌથી વધુ 85.34 ટકા મતદાન મહિલા મતદારોએ કર્યું હતું. જ્યારે પશ્ચિમ બંગાળમાં 83.01 ટકા મહિલા મતદારોએ મતદાન કર્યું હતું. જ્યારે ગુજરાતમાં 56.56 ટકા મહિલા મતદારોએ મતદાન કર્યું હતું. તો સૌથી ઓછી 56.01 ટકા મહિલા મતદારોએ ઉત્તરપ્રદેશમાં મતદાન કર્યું હતું. જ્યારે ગોવા રાજ્યમાં સૌથી વધુ 75 ટકા મતદાન અન્ય જાતિના મતદારોએ કર્યું હતું.

આ તબક્કામાં 10 રાજ્ય અને એક કેન્દ્રશાસિત પ્રદેશની 93 લોકસભા બેઠક માટે મતદાન થયું હતું, જેમાં ગુજરાતની 25, કર્ણાટકની 14, મહારાષ્ટ્રની 11, ઉત્તરપ્રદેશની 10, મધ્યપ્રદેશની નવ, છત્તીસગઢની સાત, બિહારની પાંચ, આસામ અનેપશ્ચિમ બંગાળની ચાર-ચાર બેઠક માટે મતદાન થયું હતું.

**(RNU અમદાવાદ)**

---

## SSC-પરીણામ –રાજ્ય-કચ્છ

ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ 10નું રાજ્યનું પરિણામ 82.56 ટકા રહ્યું છે. જેમાં સૌથી વધુ પરિણામ ધરાવતા કેન્દ્રોમાં અમદાવાદ ગ્રામ્યનુ દાલોદ અને ભાવનગરનું તલગાજરડાનું 100 ટકા પરિણામ છે. જ્યારે ભાવનગરના તડ કેન્દ્રનું સૌથી ઓછુ પરિણામ 41.13 ટકા છે. સૌથી વધુ પરિણામ ધરાવતો જિલ્લો ગાંધીનગર રહ્યો છે જેનું 87.22 ટકા પરિણામ છે. જ્યારે સૌથી ઓછુ પરિણામ ધરાવતો જિલ્લો પોરબંદર રહ્યો છે. જેનુ 74.57 ટકા પરિણામ છે. રાજ્યમાં સૌ ટકા પરિણામ ધરાવતી શાળાઓની સંખ્યા એક હજાર 389 છે. જ્યારે 70 શાળાઓનું પરિણામ શૂન્ય ટકા આવ્યું છે. રાજ્યમાં એ-વન ગ્રેડમાં 23 હજાર 247 વિદ્યાર્થીઓ અને એ- ટુ ગ્રેડમાં 78 હજાર 893 વિદ્યાર્થીઓ ઉત્તીર્ણ થયા હતા.

રાજયમાં 19મા ક્રમે રહેલા કચ્છ જિલ્લાનું 85.31 ટકા પરિણામ આવ્યું છે. જિલ્લાની 100 શાળાઓનું પરિણામ 100 ટકા આવ્યું. જિલ્લામાં કુલ 423

વિદ્યાર્થીઓએ એ-વન ગ્રેડ તો એ-2 માં 1,992 વિદ્યાર્થીઓ રહ્યા, જિલ્લામાં સૌથી વધુ બાલાસર કેન્દ્રનું 98.44 ટકા અને સૌથી નીચું ખાવડા કેન્દ્રનું 64.50 ટકા પરિણામ રહ્યું હતું.

**(RNU ભુજ)**

---

## માતૃ દિવસ

મે મહિનાના બીજા રવિવારે માતૃ દિવસની ઉજવણી થાય છે. જે નિમિત્તે ભુજના જનરલ હોસ્પિટલના સ્ત્રીરોગ નિષ્ણાત ડો.ચાર્મી પવાણી અને ડો. પ્રફુલ્લા ભિંડેના જણાવ્યા મુજબ કેટલીક સ્ત્રીઓ માતા બનવાની સંપૂર્ણ પ્રક્રિયાને એક જવાબદારી અને ભારરૂપ સમજે છે, પરંતુ એમ માનવને બદલે શારીરિક પ્રક્રિયા સમજીને આગળ વધે તો પ્રોત્સાહક પરિણામો પ્રાપ્ત થાય છે. કોઈપણ મહિલાને માતા બનવા માટે શારીરિક જ નહીં પણ માનસિક રીતે પણ તૈયાર થવું પડે છે. વાસ્તવમાં સુખદ માતૃત્વનો આધાર જ આ છે, એમ જી. કે. જનરલ અદાણી હોસ્પિટલના ગાયનેક વિભાગના તબીબોએ જણાવ્યું હતું.

**(RNU ભુજ)**

---

## આઈ.પી.એલ-ક્રિકેટ

કોલકતા નાઈટ રાઇડર્સ ટીમે મુંબઈ ઇન્ડિયન્સ ટીમને 18 રને હરાવી આઇ.પી.એલની મેચમાં કવોલીફાઈ થનાર  પ્રથમ ટીમ બની છે.  વરસાદથી પ્રભાવિત મેચને 16 ઓવરની કરી નાખવામાં આવી હતી. કોલકતા ટીમે 7 વિકેટના ભોગે 157 રન કર્યા હતા. જવાબમાં મુંબઇ ની ટીમ 8 વિકેટના ભોગે 139 રન કરી શકી હતી.

**(ચદ્રવદન પટ્ટણી)**

---

## કથક અને ભરતનાટ્યમ પ્રસ્તૃતી-ભુજ

આગામી 25મીના ભુજમાં પ્રથમ વખત કથક અને ભરતનાટ્યમની એક સાથે પ્રસ્તુતી થશે. ઝંકાર્સ ઓફલાઈટ કાર્યક્રમ સ્પંદન વેટરનીટી હોમ અને કચ્છમિત્રના સંયુક્ત ઉપક્રમે આયોજિત કાર્યક્રમમાં આઠ કલાગુરૂ તેમના વિધાર્થીઓના નૃત્યુની પ્રસ્તૃતી કરશે. જેનો લાભ લેવા કચ્છના કલારસીકો અને સાધકોનું આયોજક સંસ્થા દ્વારા આમંત્રમ પાઠવવામાં આવ્યું છે.

**(નેહલ ઠક્કર/NP)**

---------------------------------------------------------------------

## સામુહિક ચિંતન શિબિર -કંડલા

કંડલામાં કાર્યરત વિવિધ સંગઠીત અને અસંગઠીત કામદાર સંગઠનો તથા આંતરરાષ્ટ્રીય ટ્રાન્સપોર્ટ વર્કર્સ ફેડરેશન લંડનના સંયુક્ત પ્રયાસોથી કંડલા સંકુલમાં પ્રથમ વખત સામુહિક ચિંતન બેઠક યોજાશે.

વધુમાં મળતી માહિતી મુજબ શ્રમિક અધિકાર માટે ચિંતન અને સામૂહિક રીતે કાર્ય યોજના પ્રારૂપ કરવા માટે કંડલા સંકુલના ઇતિહાસમાં પ્રથમ વખત 30 જેટલા કામદાર સંગઠનોના નેતા એકઠા થઇ ઔદ્યોગિક વિકાસની સાથે શ્રમિકોની સ્થિતિ સુધારવા બે દિવસીય ચિંતન શિબર યોજશે.

**(નેહલ ઠક્કર/NP)**

---------------------------------------------------------------------